## સરહદો પાર કરતી સર્જનયાત્રા

# “સ્પેન્ડન ગ્લોબલ આર્ટ જર્ની”

# ગુજરાતી કલાની વિશ્વવિહાર તરફ દોડ



**માત્ર પ્રદર્શન નહીં, એક સંવેદનાત્મક યાત્રા**

સ્પેન્ડનના આ આયોજનો માત્ર ચિત્ર પ્રદર્શન પૂરતા મર્યાદિત નથી. તેમાં સમાવેશ થાય છે •આંતરરાષ્ટ્રીય કલા અને ફોટોગ્રાફી પ્રદર્શનો•“સ્પાન્ડન આંતરરાષ્ટ્રીય સામાજિક પુરસ્કાર સમારોહ” •જીવંત પ્રદર્શન અને કલાકારોના શિબિરો •યુવા અને બાળ ચિત્રકારો માટે વર્કશોપ •અનાથ અને ખાસ સક્ષમ પ્રતિભાઓને પ્રોત્સાહિત કરનાર કાર્યક્રમો

**આ સમગ્ર પહેલ કલા દ્વારા માનવતા, સર્જનાત્મકતા અને વૈશ્વિક એકતાનો સંદેશ આપે છે.**

કલા કોઈ સરહદોને માનતી નથી. રંગ, રેખા અને ભાવના જ્યારે એક થાય છે ત્યારે તે વિશ્વને જોડતી ભાષા બની જાય છે. એ જ ભાવનાને સાકાર કરતું એક વિશાળ વૈશ્વિક મંચ છે – “સ્પેન્ડન ઈન્ડો યુરોપિયન ઈન્ટરનેશનલ આર્ટ કાર્નિવલ” અને “સ્પેન્ડન ગ્લોબલ આર્ટ જર્ની”. “લક્ષ્ય ૧૦૦ મહિનાઃ ૧૦૦ દેશોઃ ૭ ખંડો”ના દ્રઢ સંકલ્પ સાથે સ્પેન્ડન વિશ્વભરના કલાકારોને એક અનોખું પ્લેટફોર્મ પૂરૂં પાડી રહ્યું છે, જ્યાં યુવા અને અનુભવી બન્ને પ્રકારની પ્રતિભાઓને આંતરરાષ્ટ્રીય એક્સપોઝર, ટીકાત્મક સમીક્ષા અને કલા રસિકો સાથે સીધો સંપર્ક મળે છે.

### આંતરરાષ્ટ્રીય કલા મહોત્સવોની શ્રેણી

1. સ્પેન્ડન ઈન્ડો જર્મની ઈન્ટરનેશનલ આર્ટ ફેસ્ટિવલ
2. સ્પેન્ડન ઈન્ડો ફ્રાન્સ ઈન્ટરનેશનલ આર્ટ ફેસ્ટિવલ
3. સ્પેન્ડન ઈન્ડો સ્વિટ્ઝર્લેન્ડ ઈન્ટરનેશનલ આર્ટ ફેસ્ટિવલ
4. જર્મનીમાં યોજાનાર ફેસ્ટિવલ ૨૦ થી ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ દરમિયાન બર્લિન સ્થિત GlogauAIR GmbH, ગ્લોગાઉર સ્ટ્રાસે 16, 10999 ખાતે યોજાશે.



### કલા માટે એક વિશ્વમંચ

સ્પેન્ડન એક એવું મંચ સર્જી રહ્યું છે, જ્યાં વિશ્વની શ્રેષ્ઠ પ્રતિભાઓને પ્રશંસકો સુધી પહોંચવાનો અવસર મળે છે. એક છત નીચે વૈવિધ્યસભર કલાસંગ્રહ, વૈશ્વિક કલાકારોની ઉપસ્થિતિ અને સર્જનાત્મક સંવાદ – આ બધું મળીને આ કાર્નિવલને અનોખું બનાવે છે. ગુજરાતની કલા હવે વિશ્વવિહાર પર છે. રંગોની આ યાત્રા માત્ર કેન્વાસ સુધી સીમિત નથી – એ સંસ્કૃતિ, સંવેદના અને સર્જનની વૈશ્વિક ઉજવણી છે.

### ગુજરાતની કલાધરો સાથે વૈશ્વિક સંગમ

ગુજરાત લલિત કલા એકેડેમી, ગુજરાત સરકારના સહયોગથી વિશ્વવિખ્યાત કલાકારોના ૬૦ વિશિષ્ટ ચિત્રો આ આંતરરાષ્ટ્રીય મંચ સાથે જોડાઈ રહ્યા છે. આ યાદીમાં 1. રવિશંકર રાવલ 2. જગન્નાથ અહિવાસી 3. સોમાલાલ શાહ 4. છગનલાલ જાધવ 5. હિરાલાલ ખત્રી આ ઉપરાંત ભારતના વિવિધ રાજ્યો તથા વિદેશમાંથી ૯૫ સ્થાપિત અને પ્રગતિશીલ કલાકારો ૨૦૦થી વધુ વિશિષ્ટ ચિત્રો સાથે ભાગ લઈ રહ્યા છે.



# જે હેડલાઈન વહેંચતી હતી, એ જ આજે હેડલાઈન બની ગઈ

## વડોદરાની અક્ષદા દળવીની સંઘર્ષમય અને પ્રેરણાદાયક સફર

વડોદરાની દીકરી અક્ષદા અજય દળવી આજે સાચા અર્થમાં પોતાના પિતાના સપનાઓને પાંખો આપી રહી છે. એક સમય એવો હતો જ્યારે તે વહેલી સવારે પિતાની સાથે અખબાર વહેંચતી હતી; આજે એ જ દીકરી પોતાની સિદ્ધિઓથી અખબારોમાં હેડલાઈન બની રહી છે. ૪ થી ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન નવી દિલ્હીના કેડી જાધવ ઈન્ડોર સ્ટેડિયમ ખાતે યોજાયેલા ૫મા ઈન્ડિયન ઓપન કિકબોક્સિંગ કપ ૨૦૨૫માં અક્ષદાએ શાનદાર પ્રદર્શન કર્યું. લાઈટ કોન્ટેક્ટ કેટેગરીમાં ગોલ્ડ મેડલ અને પોઈન્ટ ફાઈટમાં બ્રોન્ઝ મેડલ જીતી તેણે પોતાની રમતિયાળ પ્રતિભાનો ડંકો વગાડ્યો.

**વહેલી સવારથી શરૂ થતો સંઘર્ષ ।** અક્ષદાના પિતા અખબાર વિતરણનું કામ કરે છે. બાળપણથી જ અક્ષદાએ તેમના પિતાની શિસ્ત, સમયપાલન અને જવાબદારીને નજીકથી નિહાળી છે. આજે પણ તે વહેલી સવારે પિતાને અખબારો પહોંચાડવામાં મદદ કરે છે, પછી કોલેજ અને પ્રેક્ટિસ માટે દોડતી રહે છે. એક સામાન્ય ઘરમાંથી શરૂ થયેલી આ સફર આજે આંતરરાષ્ટ્રીય કિકબોક્સિંગ મંચ સુધી પહોંચી છે–આ માત્ર રમતિયાળ સિદ્ધિ નથી, પરંતુ સંજોગો સામેના અડગ મનોબળની કહાની છે.



### સિદ્ધિઓની ઝળહળતી યાદી

**જિલ્લા સ્તર :** ૫ ગોલ્ડ, ૧ સિલ્વર
**રાજ્ય સ્તર :** ૧૩ ગોલ્ડ, ૨ સિલ્વર
**રાષ્ટ્રીય સ્તર :** ૪ ગોલ્ડ, ૫ સિલ્વર, ૧ બ્રોન્ઝ
**આંતરરાષ્ટ્રીય સ્તર :** ૨ ગોલ્ડ, ૨ બ્રોન્ઝ

કુલ મળીને ૨૪ ગોલ્ડ, ૮ સિલ્વર અને ૩ બ્રોન્ઝ મેડલ તેના સંઘર્ષ અને પ્રતિભાનું પ્રતિબિંબ છે.
તે ખેલો ઈન્ડિયા વેસ્ટ ઝોનમાં બ્રોન્ઝ મેડલ વિજેતા રહી છે

**પિતાની આંખોમાં ગર્વ ।** સાધારણ અખબાર વિતરણકર્તાના ઘરમાંથી નીકળેલી આ દીકરીએ સાબિત કરી દીધું છે કે મહેનત અને લગન હોય તો કોઈ પણ સપનું અશક્ય નથી.આજે તેના પિતાની આંખોમાં ગર્વ છે. કારણ કે જે દીકરી ક્યારેક હેડલાઈન વહેંચતી હતી, તે જ આજે પોતાની મહેનતથી હેડલાઈન બની રહી છે.અક્ષદાની કહાની માત્ર મેડલ જીતવાની નથી–એ છે સંઘર્ષ, સંસ્કાર અને સપનાઓને પાંખો આપવાની એક સ્પર્શક સફર.

**ઉન્નતિ દેસાઈની વેશભૂષા, અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસે જજ અને દર્શકોને મંત્રમુગ્ધ કર્યા**

# મિસિસ વર્લ્ડ ઈન્ટરનેશનલ ઉન્નતિએ ગુજરાતને અપાવ્યું ગૌરવ

## યોગ, ધ્યાન, નિયમિત વ્યાયામ અને સકારાત્મક વિચારધારા જીવનના આધારસ્તંભ

આત્મવિશ્વાસ, સંસ્કાર, ગ્રેસ અને દ્રઢ મનોબળના આધારે શહેરના ઉન્નતિ સૌમિલ દેસાઈએ મિસિસ વર્લ્ડ ઈન્ટરનેશનલનો ખિતાબ મેળવીને વડોદરા, ગુજરાત અને ભારતનું નામ વિશ્વસ્તરે ગૌરવપૂર્વક ઉજાગર કર્યું છે. ત્રણ સંતાનોની માતા હોવા છતાં ઉન્નતિબેનએ સાબિત કર્યું કે સપનાઓ માટે ઉંમર કોઈ બાંધછોડ નથી. બાળપણથી જ મંચ, પ્રસ્તુતિ અને બ્યુટી પેજન્ટ પ્રત્યેનો શોખ આજે વૈશ્વિક સફળતામાં રૂપાંતરિત થયો છે.
જે વિશે માહિતી આપતા ઉન્નતિ દેસાઈએ જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય મંચ પર સાડી અને ચણિયા-ચોળી પહેરી ગરબાની મનમોહક રજૂઆત દ્વારા ભારતીય સંસ્કૃતિનો ગર્વભર્યો પરિચય આપ્યો હતો.
મારી વેશભૂષા, અભિવ્યક્તિ અને આત્મવિશ્વાસે જજ અને દર્શકોને મંત્રમુગ્ધ થયા હતા. કઠિન રાઉન્ડ, રેમ્પ વોક, પ્રેઝન્ટેશન અને પ્રશ્નોત્તરીમાં સ્ત્રીશક્તિ, સંસ્કાર, ફિટનેસ અને સમાજમાં સ્ત્રીની ભૂમિકા વિષે દઢ અને સંવેદનશીલ વિચારો રજૂ કર્યા હતા. મારું માનવું છે કે, સાચી સુંદરતા વિચાર, વર્તન અને મૂલ્યોમાં વસે છે. યોગ, ધ્યાન, નિયમિત વ્યાયામ અને સકારાત્મક વિચારધારા મારા જીવનના આધારસ્તંભ છે. હું મહિલાઓને સંદેશ આપવા માંગીશ કે, ઉંમર માત્ર આંકડો છે, આત્મવિશ્વાસ જ સાચી સુંદરતા છે. આગામી સમયમાં આંતરરાષ્ટ્રીય મંચો પર ભારતીય સંસ્કૃતિ અને નારીશક્તિને વધુ ઊંચાઈએ પહોંચાડવાનો મારો ધ્યેય છે. જે માટે અથાક પ્રયત્ન કરતી રહીશ.





**ગ્રામ્ય મહિલાઓને આરોગ્ય જાગૃતિ તેમજ સ્વરોજગારી માટે પ્રોત્સાહિત કરે છે**

ઉન્નતિ દેસાઈ માત્ર એક નામ નહીં, પરંતુ આધુનિક નારી શક્તિનું પ્રતિક. ઉન્નતિ દેસાઈ માત્ર બ્યુટી ક્વીન નહીં, પરંતુ એક પ્રેરણાદાયી સમાજસેવિકા અને મોટિવેશનલ સ્પીકર છે. તેઓ ગ્રામ્ય મહિલાઓને આરોગ્ય જાગૃતિ, મેનોપોઝ માર્ગદર્શન, સર્વાઈકલ કેન્સર અંગે સમજણ અને સ્વરોજગાર માટે પ્રોત્સાહિત કરે છે. મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવા તેઓ સતત પ્રયત્નશીલ છે.

# તન સ્વદેશી, મન સ્વદેશી, ધન સ્વદેશી

## શહેરી આજીવિકા મિશન હેઠળ રાજ્યભરમાં સ્વદેશી મેળા

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે આપેલા ‘વોકલ ફોર લોકલ’ મંત્રને ગુજરાતમાં વ્યાપક પ્રતિસાદ મળી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ગ્રામ્ય અને શહેરી કારીગરો, હસ્તકલાકારો અને નાના ઉદ્યોગોને મજબૂત બનાવવા અનેક પહેલો હાથ ધરી છે. શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા રાજ્યવ્યાપી “સ્વદેશી મેળા (શોપિંગ ફેસ્ટિવલ)”નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ મેળાઓ સ્થાનિક સ્વસહાય જૂથો (SHG), કારીગરો, કલાકારો અને નાના વેપારીઓને પોતાના ઉત્પાદનો પ્રદર્શિત અને વેચાણ કરવાની સશક્ત તક પૂરી પાડે છે. ગત દશેરા થી દિવાળી દરમ્યાન રાજ્યના 16 શહેરોમાં પ્લાસ્ટિક ફ્રી “સ્વદેશી ફેસ્ટિવલ” યોજાયા હતા, જેમાં 40.50 લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી અને 10 કરોડથી વધુનું વેચાણ નોંધાયું હતું. આ સફળતા બાદ હવે રાજ્યની તમામ 152 નગરપાલિકાઓમાં 15 માર્ચ 2026 સુધી સ્વદેશી મેળાઓ યોજાશે. આ આયોજન હેઠળ 1500થી વધુ સ્ટોલ સ્વસહાય જૂથોને, 1400થી વધુ સ્ટોલ શેરી ફેરીયાઓને, 1200 જેટલા સ્ટોલ ખાણીપીણી માટે અને 1650થી વધુ સ્ટોલ અન્ય કારીગરોને ફાળવવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં 38 નગરપાલિકાઓમાં સ્વદેશી મેળાનો પ્રારંભ થઈ ચૂક્યો છે, જેમાં અમદાવાદ, ભાવનગર, ગાંધીનગર, રાજકોટ, સુરત અને વડોદરા ઝોનનો સમાવેશ થાય છે. 1 લાખથી વધુ લોકોએ મુલાકાત લીધી છે અને 83 લાખથી વધુનું વેચાણ નોંધાયું છે. આ સ્વદેશી મેળાઓ માત્ર ખરીદી-વેચાણ પૂરતા મર્યાદિત નથી, પરંતુ સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવાનો મહત્વપૂર્ણ પ્રયાસ છે. ‘વોકલ ફોર લોકલ’ના મંત્રને સાકાર કરતી આ પહેલ ગુજરાતને આત્મનિર્ભરતા તરફ વધુ મજબૂત પગલું ભરવામાં સહાયક બની રહી છે.

